No. Of Printed Pages: 2

[28]

# SARDAR PATEL UNIVERSITY
## MA I Semester Examination
Tuesday, 5 April 2016

10.30 - 1.30 pm

PA01EGUJ03 : Gujarati

Madhyakalin Gujarati Sahitya (New)

(મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય)

કુલ ગુણ ૭૦

પ્રશ્ન ૧. વસ્તુલક્ષી પ્રશ્નોના જવાબ આપો (૧૦)

૧. ભક્તિને 'પરમપ્રેમરૂપા' તરીકે ક્યા ગ્રંથમાં ઓળખવામાં આવી છે?

(A) ભાગવત (B) શાંડિલ્યસૂત્ર

(C) નારદભક્તિસૂત્ર (D) અષ્ટાધ્યાયી

૨. 'અનુભવબિંદુ'ના સર્જક કોણ છે?

(A) દયારામ (B) નરસિંહ મહેતા

(C) અખો (D) માંડણ

૩. હસ્તપ્રત વાંચનની પ્રક્રિયામાં નીચેની કઈ બાબતો ન આવે ?

(A) લેખન દોષ સુધારણા (B) અર્થનિર્ણય

(C) લિપિ ઉકેલ (D) જોડાક્ષર છૂટા પાડવા

૪. નીચેનામાંથી ક્યા સંત કવિ રવિભાણ સંપ્રદાયના છે?

(A) ભોજો (B) બ્રહ્માનંદ

(C) દયારામ (D) મોરાર

૫. યોગ્ય જોડકા જોડો

૧. વસંતવિલાસ અ. આખ્યાન

૨. નંદબત્રીસી બ. રાસ

૩. રૂપચંદકુંવરરાસ ક. પદ્યવારતા

૪. ઉષાહરણ ડ. ફાગુ

૬. વિધાનોની યથાર્થતા ચકાસો.

અ. મધ્યકાળમાં પ્રકૃતિના સૌથી વધુ અંશો ધરાવતું સાહિત્ય સ્વરૂપ ફાગુ છે.

બ. 'સ્થૂલિભદ્રફાગુ'માં વસંતના બદલે વર્ષાની પ્રકૃતિનું આલેખન છે.

(A) વિધાન અ સાચું છે પણ વિધાન બ ખોટું છે.

(B) વિધાન બ સાચું છે પણ વિધાન અ ખોટું છે.

(C) બન્ને વિધાન સાચાં છે.

(D) બન્ને વિધાન ખોટાં છે.

૭. ભોજા ભગતની ભાષા ખેડુતની છે તેમાં નાગરિક મીઠાશ કે ઓપની આશા ન રખાય – એમ ક્યા વિદ્વાન કહે છે.

(A) ધીરૂભાઈ ઠાકર (B) યશવંત શુક્લ

(C) ભોજા ભગત (D) અનંતરાય રાવળ

૮. ભોજા ભગતનો જન્મ ક્યારે થયો હતો ?

(A) ઈ. સ. ૧૭૭૦ (B) ઈ. સ.૧૭૮૦

(C) ઈ. સ. ૧૭૭૫ (D) ઈ. સ. ૧૭૮૫

૯. મનસુખલાલ સાવલિયાએ ભોજા ભગતના પદોનું ક્યા નામે સંપાદન કર્યુ છે.

(A) પ્રાચિન કાવ્યમાળા (B) ભોજા ભક્તની વાણી

(C) ભોજા ભક્તનો કાવ્યપ્રસાદ (D) ભોજાના શ્રેષ્ઠપદ

૧૦. પંક્તિ પૂર્ણ કરો.

કાચબો કહે છે કાચબીને..........

પ્રશ્ન-૨ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સંશોધન, સંપાદન તથા આસ્વાદનના પ્રશ્નોની વિગતે ચર્ચા કરો (૧૫)

અથવા

ટૂંક નોંધ લખો(બન્ને)

૧. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની હસ્તપ્રતોના વાચનની સમસ્યા.

૨. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ભાવન માટે ભાવકની સજ્જતા.

પ્રશ્ન-3 'મધ્યકાલીન ગુજરાતી જ્ઞાનમાર્ગી કવિતા એટલે -ગુજરાતી જ્ઞાનીસંતોએ ગાયેલું ભારતીય તત્ત્વદર્શનની અનુભવમૂલક આત્મજ્ઞાનની અભિવ્યક્તિ-'આ વિધાનને આધારે જ્ઞાનમાર્ગી કવિતા પ્રવાહનો વિગતે પરિચય કરાવો. (૧૫)

અથવા

ટૂંક નોંધ લખો

૧. મધ્યકાલીન ભકિતમાર્ગમાં નરસિંહ, મીરાં અને દયારામનું પ્રદાન

૨. મધ્યકાલીન ભક્તિપ્રવાહના ગૌણ કવિઓ

પ્રશ્ન-૪ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના મહત્ત્વના સ્વરૂપ તરીકે આખ્યાન અથવા રાસની સ્વરૂપગત વિશેષતાઓ ઉદાહરણસહ જણાવો (૧૫)

પ્રશ્ન-૫ 'ભોજા ભગત અનુભવી જ્ઞાનમાર્ગી સંતકવિ છે. બ્રહ્માનુભવને યોગમાર્ગી પારિભાષિક વાણીમાં વર્ણવતા એનાં પદો સુંદર અને ઊંચી કોટિના છે.'- આ વિધાનને આધારે ભોજાના શ્રેષ્ઠ પદોનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો (૧૫)

અથવા

ટૂંકનોંધ લખો (બન્ને)

૧. ભોજા ભગતના શ્રેષ્ઠ પદોમાં ભાષાકર્મ

૨. કાચબો કહે કાચબીને પદનો આસ્વાદ.

X=X=X